ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૯૪ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરની ફૂટપાથ પર રંગબેરંગી છત્રીઓનો સુંદર નજારો

વરસાદી માહોલમાં રંગબેરંગી છત્રીઓનું બાળકોમાં ભારે આકર્ષણ : સુતરાઉ, પોલિસ્ટર અને સિલ્કના કાપડમાંથી બનતી છત્રીઓ વરસાદથી રક્ષણ આપે છે

ગાંધીનગર, તા.૨૭

વરસાદના આગમન સાથે જ શહેરમાં ઠેર ઠેર રંગબેરંગી છત્રીઓ જોવા મળી રહી છે. ફૂટપાથ પર રંગબેરંગી છત્રીઓ વેચાણ માટે આવી છે. ખાસ કરીને બાળકોને આકર્ષે તેવી જાતભાતના આકારવાળી રંગબેરંગી છત્રીઓ સૌના આકર્ષણનું કેન્દ્ર બની છે.

છત્રીઓનું ચલણ ભલે ઓછું થઈ ગયું હોય પરંતુ તેનું આકર્ષણ ઘટયું નથી. બજારમાં હવે કાળા રંગની ટીપીકલ છત્રીઓ ઓછી વેચાણમાં છે. રંગબેરંગી અને ફેન્સી તથા વિવિધ આકાર ધરાવતી છત્રીઓ બજારોમાં વેચાણ માટે આવી છે. છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદી માહોલ ખૂબ સરસ બંધાયો છે ત્યારે

આવી રંગબેરંગી છત્રીઓ મનને મોહી રહી છે. સિઝનલ ચીજવસ્તુઓનો વેપાર ધંધો કરતા લોકોએ છત્રીઓ અને રેઈનકોટની જથ્થાબંધ ખરીદી કરી માર્ગો પર વેપાર શરુ કરી દીધો છે. જેમાં બાળકો માટે કાર્ટુનના વિવિધ કેરેકટર સાથેની વિવિધ આકારની છત્રીઓ મળી રહી છે. મહિલાઓ માટે પણ ડિઝાઈનર છત્રીઓ અલાયદી જોવા મળી રહી છે. હવે તો પુરુષો પણ રંગબેરંગી છત્રીઓના શોખીન થઈ ગયા છે. સામાન્ય રીતે પુરુષો કાળા રંગની છત્રીઓ લઈને જોવા મળતા હતા પરંતુ જેમ જેમ સ્ટાઈલીસ્ટ છત્રીઓ બજારમાં આવતી થઈ છે તેમ યુવાનોમાં ક્રેઝ જોવા મળી રહ્યો છે. બજારમાં જાતજાતની છત્રીઓ મળે છે. નાના બાળકના મનને છત્રી મળ્યાનો અહેસાસ કરાવતી નાનકડી અને સુંદર મજાની છત્રીથી લઈને મોટાઓ માટેની સ્ટાઈલીશ, રંગીન છત્રીઓ મન મોહે છે. ચેકસની ડિઝાઈનવાળી છત્રીને પ્લેન અમ્બ્રેલા કહેવામાં આવે છે. આવી છત્રીઓ એકદમ કલાસિક લાગે છે. અને આ તમામ વયના સ્ત્રી પુરુષને શોભે છે. ઓફિસ જતાં લોકો કોમ્પેકટ અથવા થ્રી ફોલ્ડ અમ્બ્રેલા પસંદ કરે છે. આવી છત્રી બેગમાં સહેલાઈથી આવી જતી હોવાથી તેને કયાંય ભૂલી જવાતી નથી. આ જ પ્રમાણે છેલ્લા થોડાક વર્ષોથી પારદર્શક છત્રીનો ટ્રેન્ડ પણ જોર પકડી રહ્યો છે. ભીડમાં પારદર્શક છત્રી ધરાવનારા હંમેશા આકર્ષણનું કેન્દ્ર બને છે.

આ ઉપરાંત લેસ, ઝૂલ અને રિબન લગાડેલી છત્રી પણ સુંદર દેખાય છે. યુવતીઓ આવી છત્રીને વધુ પસંદ કરે છે. છત્રીઓ સુતરાઉ, પોલિસ્ટર, સિલ્ક જેવા જુદા જુદા કાપડની બને છે. સિલ્કની છત્રી એકદમ કલાસિક લાગે છે.

છત્રીના નામ	ભાવ
લેડીઝ છત્રી	૨૦૦ રૂપિયા
કાળા રંગની છત્રી	૧૫૦ રૂપિયા
જંબો સાઈઝ છત્રી	૩૦૦ રૂપિયા
નાના બાળકોની છત્રી	૧૦૦ રૂપિયા
કાર્ટૂનવાળી છત્રી	૨૦૦ રૂપિયા

જન્મદિને વધામણી

દેવલબેન જોશી
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ

પ્રેરક આર જોશી
રેડક્રોસ

જય રાકેશભાઈ રાવળ

હેતક્ષ ત્રિવેદી

ગુરુપૂર્ણિમાના નિમિતે અરવિંદ કેન્દ્ર સેક્ટર-૨૩ ખાતે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ કોચ પારુલ મહેતા દ્વારા યોગ ટ્રેનર્સ ટ્રેનિંગ સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, યોગ કોચ પારુલબેન મહેતા દ્વારા રાજ્ય યોગ બોર્ડ તરફથી ૮૦ યોગ ટ્રેનરને નિશુલ્ક તાલીમ આપવામાં આવી છે.

આ કાર્યક્રમમાં યોગ દર્શન વેદ પ્રવક્તા અવધેશ પાંડે ગુરુજી, મહેન્દ્રભાઈ ગાંધીજી, વર્ષાબેન દવે, અરવિંદ કેન્દ્ર ટ્રસ્ટના બી. વી. પરમાર અને આરએસએસના સર્વશ્રેષ્ઠ કાર્યકર એમ. ડી. વાઘેલા, યોગ ગુરુ સત્ય પ્રકાશ સૂરી તથા પિનાકીનભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અવધેશ પાંડે ગુરુજી અને યોગગુરૂ સૂરીના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી તથા આ કાર્યક્રમમાં નિશુલ્ક ડાયાબિટીસ ચેકીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

પાલજ ગામમાં પાણીની લાઈન બદલવામાં મંથર ગતિથી ગ્રામજનો ત્રાહિમામ...!!

ચોમાસામાં આડેધડ ખોદકામ અને અપૂરતા માટી પુરાણથી અકસ્માતની ભીતિ સ્ટ્રીટલાઈટના નડતરરૂપ અને ખુલ્લા વિજ વાયરોથી દુર્ઘટનાને નોંતરું

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના પાલજ ગામમાં પાણીની પાઈપલાઈન બદલવાનું કાર્ય છેલ્લા દોઢ વર્ષથી ચાલે છે જેની ગોકળગાય જેવી ધીમી ગતિના કારણે ગ્રામજનો પરેશાનીનો ભોગ બની રહ્યા છે અને આ કાર્યમાં ગામના આંતરિક આરસીસી રોડ તોડીને જુની પાઈપલાઈન બદલવામાં આવે છે પરંતુ આરસીસી રોડને તોડયા પછી તેનું માટી પુરાણ યોગ્ય રીતે થતું ના હોવાથી ચોમાસાને કારણે વધુ પરેશાનીરૂપ બને છે તેવું શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું છે. વળી તેમના જણાવ્યા અનુસાર પાલજના ખાડીયાવાસમાં કરાયેલા ખોદકામને કારણે વાહનો તો ઠીક પરંતુ ચાલીને પણ ઘર સુધી જવું રહીશોને મુશ્કેલ બની રહ્યું છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું છે કે પાલજમાં પાણીની પાઈપલાઈન બદલવાનું કાર્ય મંથર ગતિએ ચાલી રહ્યું છે જેમાં ટેન્ડરમાં કાર્ય પુરું કરવાની સમયમર્યાદા અનુસાર થઈ રહ્યું છે કે કેમ તે જોવું જરુરી છે તેમજ સામાન્ય રીતે કોઈ પણ વિકાસકાર્યમાં જેમાં ખોદકામ કરવાનું હોય તે કાર્ય ચોમાસા પહેલા પૂર્ણ કરી દેવું જરૂરી હોય છે જયારે અહીં ચોમાસામાં પણ ખોદકામ ચાલુ હોવાથી રહીશોની હાલત કફોડી બની રહી છે. વળી આ ખોદકામમાં માટીના અપૂરતા પુરાણને કારણે વાહનો ફસાઈ જવાની સમસ્યા સર્જાઈ રહી છે જે અકસ્માતને નોંતરી શકે છે. આ ઉપરાંત આડેધડ કરવામાં આવેલા ખોદકામથી કેટલાંક રહીશોના મકાનની અન્ડરગ્રાઉન્ડ વિજલાઈન કપાઈ જવાથી તેમની લાઈટો બંધ છે જયારે કેટલીક સ્ટ્રીટલાઈટના કેબલો પણ પહેલેથી આડેધડ નાંખેલા હોવાથી રસ્તા વચ્ચે નડતરરૂપ કેબલ અકસ્માતનું જોખમ બની શકે છે અને ખુલ્લા વિજ વાયરો ચોમાસામાં વિજ કરંટથી દુર્ઘટના સર્જાવાનું જોખમ નોંતરી રહ્યા છે.

સરસ્વતી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સમાં ગુરુવંદનાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

ગુરુ પૂર્ણિમાના પાવન અવસર પર સરસ્વતી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ, ગાંધીનગરના એન.એસ.એસ. યુનિટના

સ્વયં સેવક વિદ્યાર્થીઓ દ્વારા ગુરુ વંદનાનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત સરસ્વતીજીના દીપ પ્રાગટ્ય અને વંદના સાથે થઈ હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ તેમના ગુરુજનોનું તિલક અને બુકે આપીને સ્વાગત કરી આશીર્વાદ મેળવ્યા હતા. વિદ્યાર્થીઓએ જીવનમાં ગુરુનું મહત્વ અને જીવનની કેળવણીમાં ફાળો જેવા વિવિધ મુદ્દાઓ રજુ કર્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા ગુરુજનો માટે એક સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સર્વેએ રસભેર ભાગ લીધો હતો અને આ કાર્યક્રમને માણ્યો હતો. સંસ્થાના આચાર્યશ્રી દ્વારા તમામ સ્ટાફ ગણ તરફથી વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



રાંધેજા ખાતે આવેલ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ શ્લોક ગાન અને ચાર્ટ પ્રદર્શન કરી ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં ગુરુ પૂર્ણિમા ઉજવાઈ

ગાંધીનગર, તા.૨૭

ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ.પટેલ ઈંગ્લીશ મીડિયમ બી.એડ.કોલેજમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી દ્વારા સમાજમાં ગુરુનું મહત્વ કેવું છે?તે આજનો તાલીમાર્થી સમજે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં આર.એચ.પટેલ ઈંગ્લીશ મીડિયમ બી.એડ.કોલેજના તાલીમાર્થીઓએ સમાજમાં ગુરુનું મહત્વ વિશે પોતા ના વિચારો વ્યકત કરી ગુરુની વિશેષને ધ્યાનમાં લઈ પ્રાર્થના, દુહા, સ્પીચ, નૃત્ય રજૂ કર્યા હતા. જયારે એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં 'ગુરુ વિના જ્ઞાન નહી તેમજ ગુરુ આકૃતિ નથી, આત્મીય છે' વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા હતા. આ સ્પર્ધામાં પંચોટિયા હિરલ પ્રથમ સ્થાને, પટેલ ધ્રુવ દ્વિતીય સ્થાને તેમજ પટેલ જાહન્વી તૃતીય સ્થાન પર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન પ્રો.વીણાબેન પટેલ તેમજ બંને કોલેજોના એચ.ઓ.ડી. ડૉ.જિજ્ઞાસાબેન જોશી, ડૉ.કુસુમબેન યાદવ, અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા.પ્રતિભા દિક્ષિતે તેમજ પ્રા.કાજલબેન ગઝ્ઝરે કર્યું હતું.

સખી મંડળ દ્વારા રક્ષાબંધન નિમિત્તે પ્રદર્શન કમ વેચાણ

ગાંધીનગર, તા.૨૭

સખી મંડળ દ્વારા રક્ષાબંધનના તહેવારને અનુલક્ષીને બહેનોને રોજગારી મળી રહે તે હેતુથી તારીખ ૭ અને ૮ ઓગસ્ટ દરમ્યાન , સેક્ટર-૭ કોમ્યુનિટી હોલ ખાતે બહેનોએ હાથે બનાવેલ વસ્તુઓ નું તેમજ અન્ય વસ્તુઓનું વેચાણ પ્રદર્શન અને વેચાણ રાખવામાં આવ્યું છે. આ પ્રદર્શન કમ વેચાણ દ્વારા કોરોનાના સમયમાં બહેનો આર્થિક ઉપાર્જન કરી પોતાના પરિવાર ને મદદ રૂપ થઈ શકે તે માટે આયોજન કરવામાં આવ્યું છે. પોતાની વસ્તુઓના સ્ટોલ બુકિંગ માટે હર્ષાબા ધાંધલ ૮૪૦૧૯ ૦૨૩૩૫ અને પૂજાબેન ૯૪૨૮૮૩૮૦૭૧નો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે.

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં વિદ્યાર્થીઓને માર્કશીટ વિતરણ તથા ગેટ ટુ ગેધરનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટીઝ એ પોતાની યાદોને તાજી કરી હતી અને શુભેચ્છા પાઠવી હતી.

મહિલા બટાલિયન કેન્દ્રીય રિજર્વ પોલીસ ફોર્સ અને શારીરિક શિક્ષણ મહાવિધાલય સાદરા દ્વારા સયુંકત રીતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ અને ૧૩૫ મહિલા બટાલિયન કેન્દ્રીય રિજર્વ પોલીસ ફોર્સ દ્વારા સયુંકત કાર્યક્રમમમાં સાદરા પરિસરમાં વૃક્ષારોપણની સરસ કામગીરી ૧૩૫ મહિલા બટાલિયન કેન્દ્રીય રિજર્વ પોલીસ ફોર્સના ડેપ્યુટી કમાંડેટ શિવ મહેન્દ્ર સિંહ અને ડીનશ્રી જગદીશચંદ્ર સાવલિયાના નેતૃત્વ હેઠણ કરવામાં આવી હતી. જેમાં વિભાગના બધાજ સેવકો વિવિધ પ્રકારના રોપા જેવાકે, લીમડો. આવળા, લીંબુ અને અન્ય પ્રકારના રોપા જેવાકે જામફળી, શેતુર, લીંબુ અને ફૂલછોડના વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવી હતી. વિશેષમાં આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં રમેશભાઈ પટેલ, ડૉ. દલસંગભાઈ ચૌધરી, ડૉ. અરવિંદ ભાઈ રામી, ડૉ. ગીતાબેન પટેલ, ભરતભાઈ પટેલ, સુર્યાબેન ભાગોરાએ ભાગ લીધો હતો. આ સંપૂર્ણ કાર્યક્રમમાં કેન્દ્રીય રિજર્વ પોલીસ ફોર્સના ઈન્સ્પેકટર જી. સુરેશ અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની ભૂમિકા નોંધનીય રહી હતી.

રાજ્ય રાષ્ટ્રીય એવોર્ડ ટીચર્સ ફેડરેશન દ્વારા મિતલબેન સુમનચંદ્ર પંડયાનું સન્માન

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત રાજ્ય એવોર્ડી ટીચરનું વાર્ષિક શૈક્ષણિક અધિવેશન તથા સન્માન સમારોહ મહેસાણાના સાર્વજનિક વિદ્યાસંકુલમાં તાજેતરમાં યોજવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની બિલેશ્વર પુરા પ્રાથમિક શાળાના ઉપ શિક્ષિકા મિતલબેન સુમનચન્દ્ર પંડ્યાને ૨૦૨૦ માં રાજ્યપાલ એવોર્ડ પ્રાપ્ત થતાં આ પ્રસંગે માનનીય સાંસદ સભ્ય શારદાબેન એ પટેલ તથા એ.કે. મોઢ શિક્ષણાધિકારી મહેસાણા દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાર્વજનિક સ્કૂલના ટ્રસ્ટી દિલીપભાઈ ચૌધરી, દાતા કેતનભાઈ પટેલ તથા ફેડરેશન પ્રમુખ માનસિંહભાઈ ચૌધરી, મંત્રી ખુમજી ભાઈ ચૌધરી તથા ફેડરેશનના તમામ હોદ્દેદારો અને સભ્યો હાજર રહ્યા હતા.

ભાજપ મહાનગરના બુધ્ધીજીવી અને આર્થિક સેલની જાહેરાત

ગાંધીનગર, તા.૨૭

ભારતીય જનતા પાર્ટી દ્વારા ગાંધીનગર શહેરમાં સંગઠનને વધુ મજબૂત કરવા સતત વિવિધ સેલની રચના કરવામાં આવી રહી છે. આજે ભાજપ મહાનગરના વધુ બે સેલની જાહેરાત કરવામાં આવી છે જેમાં બુધ્ધીજીવી સેલ અને આર્થિક સેલનો સમાવેશ થાય છે.

ભાજપ શહેર પ્રમુખ રૂચિર ભટ્ટ દ્વારા જાહેર કરવામાં આવેલા બુધ્ધીજીવી સેલમાં સંયોજક ભરતભાઈ એન. પટેલ અને સહસંયોજક હરીશભાઈ ત્રિવેદી સાથે સભ્યોમાં રાજેન્દ્રકુમાર પટેલ, મમતાબેન રાવલ, ડૉ. દિલીપભાઈ ત્રિવેદી, ડૉ. એ.આર. પટેલ, જય મહેતા, જીતેન્દ્રભાઈ દવે અને વિનોદભાઈ સોનીનો સમાવેશ કરાયો છે. આ સાથે જાહેર કરાયેલા આર્થિક સેલમાં સંયોજક કનુભાઈ ચૌધરી અને સહ સંયોજક ભરતસિંહ આર. વાઘેલા સાથે સભ્યોમાં પંકજભાઈ પટેલ ઉર્ફે જેકાભાઈ, મહેન્દ્રભાઈ ચૌહાણ, મુકેશભાઈ પુરોહિત, નિખીલભાઈ ભટ્ટ, સાત્વીક ત્રિવેદી, કનુભાઈ દેસાઈ અને ભરતભાઈ રાવળનો સમાવેશ થાય છે.

આજના હિંડોળા

સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે કંકણ કટકાની કલાના હિંડોળાના દર્શન સાંજે ૪.૩૦ થી ૭.૩૦ દરમિયાન યોજાશે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ઠાકોર દિલીપજી અમરાજી,** ઉ.વ. ૪૧, પુન્દ્રાસણ
- **સ્વ. રાવળ ઈશાબેન ડાહ્યાભાઈ,** ઉ.વ. ૭૦, ટીંટોડા

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. ભેડા પ્રફુલ મણીલાલ,** ઉ.વ. ૫૭, વાવોલ